ૐ

શ્રી ઈમામશાહ બાવાના પરછા

લેખક :

સૈયદ બાવાસાહેબ અહમદઅલી (ખાકી)

મુ. પીરાણા

પ્રકાશક :

શ્રી સત્પંથી સાહિત્ય સેવા મંડળ વતી

સત્પંથી સૈયદ સમ્સદ્દીન બાવાસાહેબ (ખાકી)

મુ. પીરાણા, પો. ગીરમથા, જી. અહમદાવાદ

આવૃત્તિ ૯ મી પ્રત ૧૦૦૦

સંવત ૨૦૩૪ સને ૧૯૭૮

કીંમત રૂ. ૦–૫૦ ન. પૈ.

Real Patidar Library

About Real Patidar books

શ્રી ઈમામશાહ બાવાના પરછા

લેખક :

સૈયદ બાવાસાહેબ અહમદઅલી (ખાકી)
મુ. પીરાણા

પ્રકાશક :
શ્રી સત્પંથી સાહિત્ય સેવા મંડળ વતી
સત્પંથી સૈયદ સમ્સદ્દીન બાવાસાહેબ (ખાકી)
મુ. પીરાણા, પો, ગીરમથા, જી. અહમદાવાદ

આવૃત્તિ ૯ મી   પ્રત ૧૦૦૦
સંવત ૨૦૩૪   સને ૧૯૭૮

કીંમત રૂ. ૦-૫૦ ન. પૈ.

શ્રી ઈમામશાહ બાવાના

પરછા

પ્રગટ પરછોરે ગોર ઈમામનો, જુગમાં જાણો અજિતજી;
જાગતી જોતને જંબુદ્વિપમાં જાણુ જુગે ઉગ્યો ઉદ્દેતજી;
પ્રગટ પરછોરે ગોર ઈમામનો. ૧

ધામ ઘણા ધરતી ઉપરે, તીરથ તીરથના ઘાટજી;
એવી શુંદિર જગ્યા શોભતી, એવો આવે નહિ કંઈ ઠાઠજી;
પ્રગટ પરછોરે ગોર ઈમામનો. ૨

રોજા જોઈ ને રાજી થઈએ, આનંદ ઉપજે મન માંહેજી;
આઠ પહોરને ચોંસટ ઘડી, સુખે રહીયે ત્યાંએજી;
પ્રગટ પરછોરે ગોર ઈમામનો. ૩

પ્રથમ કહું પીરાણા તણું, વિગતે કરૂં વિસ્તારજી,
અલ્પ બુદ્ધિએથી ઓચરૂં, ગોર મોરી લજ્જા રાખણહારજી;
પ્રગટ પરછોરે ગોર ઈમામનો. ૪

ગોર ભિસ્ત થકી આવીયા, આવ્યા દુનિયાની માંહેજી;
હાજર બેગ હજૂરમાં હૂકમ માને છે ત્યાંએજી;
પ્રગટ પરછોરે ગોર ઈમામનો. ૫

હાજરબેગ સોબતે આવીયા, આવ્યા વન ખંડિ માંહેજી;
એક લૂટારો ચોર ત્યાં વશે, લૂટવા આવ્યા ગોરને ત્યાંએજી;
પ્રગટ પરછોરે ગોર ઈમામનો. ૬

સનમુખ આવી ઉભો રહ્યો, તીર ચઢાવી કમાનજી:
ત્રિલોકી નાથ જાણ્યા નહિ, કામઠું ખેંચ્યું કમાનજી;
પ્રગટ પરછોરે ગોર ઈમામનો. ૭

ધણીનો પરછો ત્યાં ઢુંકડો, કામ કેવાં કરે તેણી વારજી;
લૂટારા તણો હાથ ઉંચો રહ્યો, તીર ના છૂટયો લગારજી;
પ્રગટ પરછોરે ગોર ઈમામનો. ૮

પ્રગટ પરછો જ્યાં દેખાડીયો, આવી પડયો ગોરની પાયેજી;
અનાથ બંધુ ઓળખ્યા નહિ, માફ ગુનો કરો સાહેજી;
પ્રગટ પરછોરે ગોર ઈમામનો. ૯

અરજ કરી કહું એટલું, ભવો ભવ આપનો દાસજી;
અવિચળ ભક્તિ આપો આપની, રાખો ચરણની પાસજી;
પ્રગટ પરછોરે ગોર ઈમામનો. ૧૦

અનંત પ્રકારે અરજ કરી કૃપા કરી દયાવંતજી;
સેવક જાણીને સાથે લેવા, ખબર લીધી ખુદાવંતજી;
પ્રગટ પરછોરે ગોરે ઈમામનો. ૧૧

ઓગણી અડત્રી સાલમાં, શ્રાવણ સુદ સોમવારજી;
બીજને દિવસે પુરણ થયું, ગોરની બોલો જયજયકારજી;
પ્રગટ પરછોરે ગોર ઈમામનો. ૧૯૮

સત્પંથ સેવા સાચશું, ગોરનર આપે હજુરજી;
પોતે પીરાણે પ્રગટયા, આલે આવ્યા ભરપુરજી;
પ્રગટ પરછોરે ગોર ઈમામનો. ૧૯૯

ગોર નર એ હજુર છે, આલે અખંડ અમાપજી;
એરે સેવાથી જે ભુલીયા, પડશે ચોરાસીને તાપજી;
પ્રગટ પરછોરે ગોર ઈમામનો. ૨૦૦

સાચું કહ્યું આ સેવકે, જે વેદનો સત્ય સારજી;
હરિ તે વૌંશને જે ઓલખે, તો તે પામશે ભવ પારજી;
પ્રગટ પરછોરે ગોર ઈમામનો. ૨૦૧

સમાપ્ત